# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA**

**NAACC Re-Accreditation CGPA 3.25 Grade - 'A' (23-1-2017 to 22-1-2022)**

**E-mail: academic_spu@spuvvn.edu** **Phone : (02692) 226805**


નં:ડી/બી/૨૦-૨૧/3293 એકેડેમીક વિભાગ

તા. 09/11/2020 10

પ્રતિ,
આચાર્યશ્રી/વડાશ્રી/ડાયરેક્ટરશ્રી,
યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કોલેજો/ઇન્સ્ટિટ્યુટસ

પ્રતિ:
વડાશ્રીઓ,
યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગો
સરદાર પટેલ યુનિવર્સિટી

વિષય: વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન બાબતે અગત્યની સુચના.

સુજ્ઞશ્રી/સુશ્રી,

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે આપની અનુસ્નાતક વિભાગો/ કોલેજ/ ઇન્સ્ટિટ્યુટમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં અનુસ્નાતક તેમજ પી. જી. ડિપ્લોમાં વિભાગ અભ્યાસક્રમના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન ફોર્મ નીચે જણાવ્યા મુજબ ઓનલાઇન (http://spuportal.in માં) ભરવાની જવાબદારી જે તે અનુસ્નાતક વિભાગો/ કોલેજ/ ઇન્સ્ટિટ્યુટની રહેશે.

| અ.નં | વિગત | વિદ્યાર્થી દીઠ ફી | વિદ્યાર્થી દીઠ લેઇટ ફી | ઓનલાઇન ફોર્મ ભરવાની તારીખ | હાર્ડ કોપી જમા કરાવવાની તારીખ | લેઇટ ફી સાથે ફોર્મ ભરવાની તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | રજીસ્ટ્રેશન ફી | ૫૦૦/- | ૧૦૦/- | ૨૩/૧૧/૨૦૨૦ થી ૨૮/૧૧/૨૦૨૦ | ૦૧/૧૨/૨૦૨૦ થી ૦૪/૧૨/૨૦૨૦ | ૦૫/૧૨/૨૦૨૦ થી ૦૯/૧૨/૨૦૨૦ |
| ૨ | FEC (ફાઈનલ એલીજીબીલીટી સર્ટિ.) | -- | ૧૦૦૦/- | -- | માઈગ્રેશન ૧૯/૧૨/૨૦૨૦ સુધી | ૨૧/૧૨/૨૦૨૦ |

ઓનલાઇન ભરેલા ફોર્મનો રીપોર્ટ નિયત કરેલ રજીસ્ટ્રેશન ફી સહીત યુનિવર્સિટીના એકેડેમિક વિભાગમાં હાર્ડ કોપી સહિત જમાં કરાવવાનો રહેશે. અંતીમ તારીખ બાદ કોઇપણ રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવામાં આવશે નહી તથા તેવા વિદ્યાર્થીઓના પ્રવેશની સંપુર્ણ જવાબદારી જેતે વડાશ્રી/ આચાર્યશ્રી ની રહેશે જેની ખાસ નોંધ લેવી.

વધુમાં જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા રજીસ્ટ્રેશનની કાર્યવાહી ઓનલાઇન પદ્ધતિથી કરવામાં આવતી હોઇ રજીસ્ટ્રેશનના ફોર્મ (હાર્ડ કોપી) આપવામાં આવશે નહી. જેથી તમામ વિદ્યાર્થીઓના ઓરાજીનલ દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ ઓનલાઇન રજીસ્ટ્રેશનની કાર્યવાહી (http://spuportal.in માં) શરૂ કરવાની રહેશે. વધુમાં જણાવવાનું વિદ્યાર્થીઓના ઓરીજીનલ દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ વિદ્યાર્થીને પરત કરવાના રહેશે.

(P.T.O)

વધુમાં, આપની વિભાગ/કોલેજમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ અન્ય યુનિવર્સીટી (સરદાર પટેલ યુનિવર્સીટી સિવાય) પરીક્ષા પાસ કરી આ યુનિવર્સીટી સંલગ્ન કોલેજો/વિભાગમાં ઓરીજીનલ દસ્તાવેજો ચકાસણી કર્યા બાદ પ્રવેશ ફાળવેલ હોય તેવા વિદ્યાર્થીઓનું અલગથી **PEC** ફોર્મ હાર્ડ કોપીમાં ભરાવવાની જરૂરિયાત રહેતી નથી. પરંતુ કોલેજ/વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન કરવામાં આવશે તેની સાથે PEC નંબર સીસ્ટમ દ્વારા ઓટોમેટીક જનરેટ કરવામાં આવશે તથા આવા વિદ્યાર્થીદીઠ રૂ. ૫૦/- PEC Fees રજીસ્ટ્રેશન ફી સાથે જ યુનિવર્સીટીમાં જમા કરાવવાની રહેશે. જેની ખાસ નોધ લેવી.

વધુમાં, આવા વિદ્યાર્થીઓની તા.૧૯/૧૨/૨૦૨૦ સુધીમાં અસલ માઈગ્રેશન સર્ટિફિકેટ કોલેજ દ્વારા એકત્રિત કરી એક ફાઈલ બનાવી યુનિવર્સીટીના એકેડેમિક વિભાગમાં જમા કરાવવી. ઉપરોકત સમય મર્યાદામાં કોલેજ/વિભાગ દ્વારા માઈગ્રેશન સર્ટિફિકેટ જમા નહિ કરાવવામાં આવે તેની જવાબદારી જે-તે કોલેજ/ વિભાગના આચાર્ય/ વડાશ્રીની રહેશે.

તારીખ ૧૯/૧૨/૨૦૨૦ સુધીમાં FEC મેળવવામાં નહિ આવે તો યુનિવર્સીટીના ઓર્ડીનન્સ ૯૪ (૧) મુજબ વિદ્યાર્થીદીઠ રૂ. ૧૦૦૦/- લેઈટ ફી લેવામાં આવશે તથા આવા તમામ વિદ્યાર્થીઓના પ્રથમ સેમેસ્ટરના પરીક્ષાઓના પરિણામ પેન્ડીંગ કરવામાં આવશે તેની ખાસ નોધ લેવા જાણ કરવામાં આવે છે.

<u>નોધ: અનુસ્તાનક કક્ષાના પ્રવેશ નિયમો ૨૦૨૦-૨૦૨૧ માં **Cancellation of admission & Refund of fees** માટે **Last date of admission** ૨૮/૧૧/૨૦૨૦ ગણવાની રહેશે.</u>

ખાસ નોંધ: કોલેજ દ્વારા પ્રવેશ મેળવતા વિદ્યાર્થીનું યુનિવર્સિટી પોર્ટલમાં રજીસ્ટ્રેશન થઇ ગયા બાદ રજીસ્ટ્રેશનના રીપોર્ટની હાર્ડકોપી (Student Check list) કાઢી, <u>વિદ્યાર્થીના નામ ધોરણ-12 તથા **T Y**ની માર્કશીટ મુજબ ખાસ ચકાસવા</u> જો નામમાં કોઈ ભૂલ હોય તો અલગથી વિભાગ/કોલેજ દ્વારા નામમાં સુધારા અંગેના પત્ર સાથે <u>ધોરણ-12 તથા</u> **T Y**ની માર્કશીટની નકલ જોડી યુનિવર્સીટી એકેડેમિક સેક્શનને જાણ કરવાની રહેશે.

કાર્યકારી કુલસચિવ

નકલ રવાના:

(૧) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી કરવા સારૂ. તથા સદર પત્રને યુનિવર્સિટી વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૨) પરીક્ષા વિભાગ તરફ જરૂરી જાણ સારૂ.

(૩) હિસાબ વિભાગ, ઘટતી કાર્યવાહી કરવા સારૂ